# એડી. ચીફ જ્યુ. મેજી. સાહેબની કોર્ટમાં, તા. માંગરોળ, જી. સુરત.

**ફોજદારી કેસ નં. ૨૦૬૪/૨૦૨૫**
**આંક -**

**ફરીયાદી - સરકારશ્રી**

**વિરૂદ્ધ**

**આરોપી – સાહિલ સલીમ શેખ.**

## બી.એન.એસ. ની કલમ- ૨૮૫ મુજબના ગુનાનો ઠરાવ

**૧.** આ કામે ફરીયાદી પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ પોતાના કબ્જાનું વાહન માણસની જીંદગી જોખમાય તે હંકારી લાવી પકડાઇ ગયેલ, જેથી આરોપીએ બી.એન.એસ. ની કલમ- ૨૮૫ મુજબનો ગુન્હો કરેલ. જેથી તે અંગેનું પંચનામું કરી તેઓની ધરપકડ કરવામાં આવેલ અને કાયદેસરની ફરીયાદ કરવામાં આવેલી, તપાસના અંતે આરોપી સામે પુરતો પુરાવો જણાતાં અદાલતમાં ચાર્જશીટ કરવામાં આવેલ છે.

**૨.** સદર ગુના કામે, આરોપીને અદાલત સમક્ષ રજુ કરેલ. ત્યારબાદ, સદરહુ કેસ આગળ ચલાવવા માટે રાખવામાં આવેલ છે પરંતુ આ કામના આરોપીનાઓ રેકર્ડ ધ્યાને લેતાં ચાર્જસીટ દાખલ થઈ ત્યારથી આજદીન સુધી ફરીયાદ પક્ષ આરોપીને હાલના કેસમાં હાજર રખાવી શકેલ નથી. જેથી આરોપીને ફરીયાદપક્ષ હાલના કામે અદાલત સમક્ષ હાજર રાખી શકેલ ન હોવાના કારણે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## હુકમ

આ કામના આરોપી સામેનો બી.એન.એસ. ની કલમ– ૨૮૫ મુજબનો હાલનો કેસ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૮ અન્વયે બંધ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**માંગરોળ.**
**તા. ૧૪/૦૩/૨૦૨૬.**

(જે.એસ. પરમાર)
એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજી.,
માંગરોલ, જી.સુરત.
**(Judge Code: GJ01155)**